| GJBN020129022024 | | |
|---|---|---|
| | રજુ કર્યા તારીખ | ૨૦–૧૨–૨૦૨૪ |
| | દાખલ કર્યા તારીખ | ૨૦–૧૨–૨૦૨૪ |
| | નિકાલ કર્યા તારીખ | ૦૧–૦૭–૨૦૨૬ |
| | અવધિ | વર્ષ–માસ–દિવસ |

**ભાવનગરના મહેરબાન ચોથા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.**

**આંક:–**

**:: નમુનો – અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૧/૦૭/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૮૬૬૮/૨૦૨૪** |

| **ગુનાની વિગત** | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ |
| પ્ર. મા.અહેવાલ સંખ્યા | ૧૧૧૯૮૦૦૬૨૪૧૪૪૯/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઘોઘા રોડ પોલીસ સ્ટેશન, ભાવનગર |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ચુડાસમા |
| આરોપીઓ | **(૧) આનંદભાઈ જેન્તીભાઈ નિમાવત**<br>ઉ.વ.૪૮, ધંધો.નોકરી<br>**(૨) રમાબેન વા/ઓ જેન્તીભાઈ નિમાવત**<br>ઉ.વ.૭૭, ધંધો.ઘરકામ |

| | |
|---|---|
| | નં.૧,૨, રહે.પુષ્ટ ટેનામેન્ટ, પ્લોટ નં.૧૧૪૩,<br>બ્લોક નં.૧૦, નાયરા પેટ્રોલ પંપની સામે,<br>ઘોઘા સર્કલ, ભાવનગર<br>**(૩) રોહીણીબેન ડો/ઓ જેન્તીભાઈ નિમાવત**<br>ઉ.વ.પર, ધંધો.નોકરી<br>રહે.કરમચંદ સહજાનંદ એલીગંજ,<br>ફ્લેટ નં.૩૦૪, આણંદ<br>**(૪) શિતલબેન વા/ઓ જતીનકુમાર પટેલ**<br>ઉ.વ.૪૭, ધંધો.ઘરકામ<br>રહે.બ્લોક નં.૮/૩૯૯, સત્યમ એપાર્ટમેન્ટ,<br>આઇ.ટી.આઇ.ચોક, ગૌરવ, વડોદરા<br>**(૫) ફાલ્ગુનીબેન વા/ઓ અશોકભાઈ ખાટસુરીયા**<br>ઉ.વ.૫૪, ધંધો.નોકરી<br>રહે.કાળીયાબીડ, હરીઓમનગર, ભાવનગર |
| બચાવપક્ષ તરફે | વિ.વ.શ્રી ડી.કે.શુકલા |

**<u>:: નમુનો – બ ::</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૯/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૨૦/૧૨/૨૦૨૪ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૦૬/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## –: આરોપીની વિગત :–

| અનુ. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ગુનાનું તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ. એસ.ની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | આનંદભાઈ જેન્તીભાઈ નિમાવત | નામદાર સુપ્રિમ કોર્ટનાં અર્નેશકુમાર વિ.સ્ટેટ ઓફ બિહારના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે અટક કરેલ નથી. | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ છોડયા | – | – |
| ૨. | રમાબેન વા/ઓ જેન્તીભાઇ નિમાવત | '' | – | '' | '' | – | – |
| ૩. | રોહીણીબેન ડો/ઓ જેન્તીભાઈ નિમાવત | '' | – | '' | '' | – | – |
| ૪. | શિતલબેન વા/ઓ જતીનકુમાર પટેલ | '' | – | '' | '' | – | – |
| ૫. | ફાલ્ગુનીબેન વા/ઓ અશોકભાઈ ખાટસુરીયા | '' | – | '' | '' | – | – |

**:: નમૂનો – ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

અ. ફરીયાદપક્ષના સાહેદ

| **અનુ.** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.૧ | અલ્પાબેન શૈલેષકુમાર વસંતસ્વામી | ૧૨ | ફરીયાદી |

બ. બચાવપક્ષના સાહેદ

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બ.સા.૧ | – | – | – |

ક.કોર્ટના સાહેદ

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ન્યા.સા.૧ | – | – | – |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

અ.ફરીયાદ પક્ષના આંક :

| **અનુ.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૩ | ફરીયાદ |
| ૨. | ૧૪ | પંચનામુ |
| ૩. | ૧૫ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૪. | ૧૬ | મેડીકલ સર્ટીફીકેટ (અલ્પાબેન) |

બ.બચાવ :

| અનુ. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ક.ન્યાયાલય આંક :–

| અનુ. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ડ.ભૌતિક પદાર્થ :

| અનુ. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | એક ટીન (ધાતુ) નો દસ્તો જે દસ્તો જોતાં આશરે ૨૦.૫ સે.મી.નો છે જેના વચ્ચેના ભાગે રીંગ જેવી ડીઝાઇન છે જે દસ્તા ઉપર ગુજરાતીમાં આનંદભાઈ નીમાવત લખેલ છે તે |

**<u>-: ચુકાદો :-</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીને તેના પતિ, નણંદો, સાસુ વાળાઓ મકાન વેચવા બાબતે માથાકુટ કરતાં ફરીયાદીના પતિએ ફરીયાદીને લોખંડના દસ્તાથી માથામાં ત્રણ ઘા મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને ફરીયાદીના પતિ ફરીયાદીને તેના નણંદો અને સાસુની ચડામણીથી મારકુટ કરતાં હોય અને વારંવાર દારૂ પીને મારકુટ કરતાં હોય અને સાસુ રમાબેન નણંદો રોહીણીબેન, શિતલબેન અને ફાલ્ગુનીબેન વાળાઓ ફરીયાદીને ગાળો આપી વાંજણીના મેણાટોણાં બોલી અને ગુનામાં એકબીજાને મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, જે બાબત પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ઉપરોકત ગુન્હાના કામે આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીની અદાલતમાં રજુ થતાં તે આધારે આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ, જે બાબતે સમન્સની બજવણી આરોપીઓને થઇ જતાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીઓ સામે **આંક-૫** થી તહોમતનામુ ફરમાવી, **આંક-૬ થી ૧૦** માં આરોપીઓનું પ્રાથમિક નિવેદન (પ્લી) લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૫ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઅોએ જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દેવામાં આવેલ જેથી અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે.

(૪) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.કે.શુકલા નાઓની મૌખિક દલીલો સાંભળી.

(૫) કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીને તેના પતિ, નણંદો, સાસુ વાળાઓ મકાન વેચવા બાબતે માથાકુટ કરતાં ફરીયાદીના પતિએ ફરીયાદીને લોખંડના દસ્તાથી માથામાં ત્રણ ઘા મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને ફરીયાદીના પતિ ફરીયાદીને તેના નણંદો અને સાસુની ચડામણીથી મારકુટ કરતાં હોય અને વારંવાર દારૂ પીને મારકુટ કરતાં હોય અને સાસુ રમાબેન નણંદો રોહીણીબેન, શિતલબેન અને ફાલ્ગુનીબેન વાળાઓ ફરીયાદીને ગાળો આપી વાંજણીના મેણાટોણાં બોલી અને ગુનામાં એકબીજાને મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નંબર : ૧ – નકારમાં.

મુદ્દા નંબર : ૨ – આખરી હુકમ મુજબ.

## <u>–:: કા ર ણો ::</u>

**(૭) <u>મુદ્દા નંબર – ૧ :–</u>**

**૭.૧)** આરોપીઓ સામે શંકાથી પર રીતે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનું પાયાનું અનુમાન છે. જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો

રહે છે. આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

**૭.૨)** ફરીયાદપક્ષ તરફે **આંક–૧૨ થી ફરીયાદી અલ્પાબેન શૈલેષકુમાર વસંતસ્વામી** તેઓની સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, મારા લગ્ન આજથી બાર વર્ષ પહેલા આનંદભાઇ જેન્તીલાલ નિમાવત સાથે થયેલા તેનાથી મને સંતાન માં એક દિકરી કાવ્યા થયેલ અને હું મારા પતિ, મારી દિકરી તથા મારા સાસુ સાથે ઘોઘા સર્કલ ખાતે રહેતા હતા અને મારા પતિ એસ.ટી.વર્કશોપ માં સિક્યુરીટિ ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. ગઈ તા. ૧૨/૦૯/૨૦૨૪ ના રોજ મારા નણંદો મારા ઘરે આવેલા હોય અને મારા સસરા ના નામના મકાનને વેચી પોતા પોતાના ભાગ બાબતે ચર્ચા કરતા હોય જેથી મે કહેલ કે મકાન વહેચી દેશો તો અમે ક્યાં રહેવા જઇશુ જેથી મારા સાસુ અને નણંદો સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને તે દરમ્યાન આજુબાજુ વાળા એકઠા થયેલ અને મને પડી જવાથી માથામાં ઈજા થયેલી તેની મેં સર.ટી. હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલી અને બનાવ અંગેની પોલીસ ફરીયાદ આપેલ. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ તેમાં મારી સહી છે તે તે જ છે. જેને આ કામે **આંક–૧૩** આપવામાં આવે છે. મને પડી જવાથી ઈજા થયેલ હોય જેથી કોઇ મુદ્દામાલ મને મારેલ હોવાનુ ગણી મને બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહિ. આરોપીઓને હુ જોયે ઓળખુ છુ. આ મારા પતિ આનંદભાઇ જેન્તીલાલ નિમાવત સાથે મારે ભાવનગરના મહે. ફેમીલી જજ સાહેબની કોર્ટમાં ફેમિલી સ્યુટ નં.૫૦/૨૦૨૫ થી છુટાછેડા થઇ ગયેલા છે અને દિકરી કાવ્યાનો કાયમી કબ્જો મારી પાસે રાખવાનો નકકી થયેલ છે. હાલ છુટાછેડા બાદ મે બોટાદ મુકામે રહેતા શૈલેષકુમાર નવલરામ વસંતસ્વામી સાથે લગ્ન કરી લીધેલ છે. જેથી હવે મારે આ કેસ આગળ ચલાવવો નથી.

સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં

પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

વધુમાં બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, હુ આ કેસ આગળ ચલાવવા માંગતી નથી. એ વાત ખરી છે કે, અમારે કોર્ટમાં છુટાછેડા થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, મને આરોપીઓએ ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મને પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી છે કે, છુટાછેડા પહેલા સમાધાન થઈ ગયેલુ હોય અમારે આ કેસ આગળ ચલાવવો નથી કોઈ સાક્ષી તપાસવા નથી.

**–: પુરાવાકિય મુલ્યાંકન :–**

(૮) સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પુરાવાકિય મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ તરફે **આંક–૧૨** થી ફરીયાદી અલ્પાબેન શૈલેષકુમાર વસંતસ્વામી તેઓની સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, તેઓના લગ્ન આજથી બાર વર્ષ પહેલા આરોપી નં.૧–આનંદભાઈ જેન્તીલાલ નિમાવત સાથે થયેલા. તા.૧૨/૦૯/૨૦૨૪ ના રોજ તેઓને તેઓના નણંદ તથા સસરાવાળા સાથે મકાન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને આજુબાજુના લોકો ભેગા થતાં પડી જવાથી વાગી ગયેલ અને તેની સારવાર સર.ટી.હોસ્પીટલમાં કરાવેલ. વધુમાં ઉલટતપાસમાં એ સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. તેઓને કોર્ટમાં છુટાછેડા થઈ ગયેલ છે. તેઓને આરોપીઓએ ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓને પડી જવાથી ઈજા થયેલી. છુટાછેડા પહેલા સમાધાન થઈ ગયેલુ હોય તેઓને આ કેસ આગળ ચલાવવો નથી કોઈ સાક્ષી તપાસવા નથી. વધુમાં સદર ફરીયાદીને સરકારશ્રી તરફે વિમુખ થયેલા પણ જાહેર કરવામાં આવેલ છે. આમ, હાલના કામે ફરીયાદી પોતાની ફરીયાદથી તદન વિપરીત પુરાવો સોગંદ ઉપર રજુ રાખતાં હોય અને સરકારશ્રી તરફે પણ હોસ્ટાઈલ જાહેર

થયેલ હોય જેથી હાલના કામે ફરીયાદીની ફરીયાદ અને જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે જે કારણસર ફરીયાદીની ફરીયાદ મુજબના આવશ્યક તત્વો પુરવાર થયેલા માની શકાય નહી.

૮.૧) વધુમાં ફરીયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, માર મારી ઈજા કરેલાનો આક્ષેપ છે પરંતુ ફરીયાદી ખુદ પોતાની આંક–૧૨ ની સોગંદ પરની જુબાનીમાં આરોપીઓએ ગાળો આપ્યાનું, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું અને માર મારી ઈજા કરેલાનું બનેલ ન હોવાની હકીકત જણાવેલ હોય જેથી આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જેવા કે આંક–૧૬ થી મેડીકલ સર્ટીફીકેટ માનવાને કોઈ કારણ રહેતુ નથી. વધુમાં મેડીકલ સર્ટીફીકેટથી ફરીયાદીને ઈજા થયેલાનું પુરવાર થાય છે પરંતુ ફરીયાદીની જુબાની મુજબ સદર ઈજા હાલના કામના આરોપીઓ ધ્વારા જ કરવામાં આવેલ છે તેવું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

(૯) આમ, જયારે આ કામે ફરીયાદી ખુદ પોતાની ફરીયાદથી વિપરીત હકીકત જણાવતાં હોય, પંચનામુ પણ પંચોની જુબાનીથી પુરવાર થયેલ ન હોય તેમજ ફરીયાદી સિવાય અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોવાનું માની, મુદા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદા નં.૨ બાબતે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **(૧) આનંદભાઈ જેન્તીભાઈ નિમાવત,** ઉ.વ.૪૮, ધંધો.નોકરી **(૨) રમાબેન વા/ઓ જેન્તીભાઇ નિમાવત,** ઉ.વ.૭૭, ધંધો.ઘરકામ, નં.૧,૨, રહે.પુષ્ટ ટેનામેન્ટ, પ્લોટ નં.૧૧૪૩, બ્લોક નં.૧૦, નાયરા પેટ્રોલ પંપની સામે, ઘોઘા સર્કલ,

ભાવનગર **(૩) રોહીણીબેન ડો/ઓ જેન્તીભાઈ નિમાવત,** ઉ.વ.પર, ધંધો.નોકરી, રહે.કરમચંદ સહજાનંદ એલીગંજ, ફ્લેટ નં.૩૦૪, આણંદ **(૪) શિતલબેન વા/ઓ જતીનકુમાર પટેલ,** ઉ.વ.૪૭, ધંધો.ઘરકામ, રહે.બ્લોક નં.૮/૩૯૯, સત્યમ એપાર્ટમેન્ટ, આઈ.ટી.આઈ.ચોક, ગૌરવ, વડોદરા **(૫) ફાલ્ગુનીબેન વા/ઓ અશોકભાઈ ખાટસુરીયા,** ઉ.વ.૫૪, ધંધો.નોકરી, રહે.કાળીયાબીડ, હરીઓમનગર, ભાવનગર નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૨) અન્વયે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૮૫, ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી મુજબના નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ની જોગવાઇ મુજબ વધુ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૦૨૬ **(ધર્મેન્દ્ર બળવંતરાય જોષી)**

સ્થળ : ભાવનગર ચોથા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ

ભાવનગર

Code No.GJ00725

==========================================================

*SIDDHARTH*